# મુદ્દા નં. ૭૦
# છુટક/જથ્થાબંધ/ઉત્પાદક અને પેટ્રોલીયમ પેદાશોના (જથ્થાબંધ કે છુટક) પરવાનામાં સ્થળફેર બાબત

| | |
|---|---|
| **૧ જોગવાઈ** | : ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ પરવાના, નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ ૧૯૮૧ મુજબ |
| **૨ અરજી કોને કરવી** | : સંબંધિત તાલુકાના મામલતદારશ્રીને, પરિશિષ્ટ ૧/૭૦ મુજબ અરજી કરવી શહેરના મામલતદારશ્રી (જમીન ફાળવણી.) |
| **૩ નિકાલ માટેના સત્તાધિકારી** | : છુટક / જથ્થાબંધ પરવાના માટે :– સંબંધિત તાલુકાના મામલતદારશ્રી ઉત્પાદક / પેટ્રોલીયમ પેદાશના (જથ્થાંબંધ કે છુટક) પરવાના માટે જિલ્લા કલેકટરશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ સંબંધિત તાલુકાના મામલતદારશ્રી તેમજ શહેરના મામલતદારશ્રી (જમીન ફાળવણી). |
| **૪ નિકાલની સમય મર્યાદા** | : છુટક/જથ્થાબંધ પરવાના માટે : ૧૫ દિવસ ઉત્પાદક અને પેટ્રોલીયમ પેદાશના (જથ્થાબંધ કે છુટક) પરવાના માટે |

| | |
|---|---|
| મામલતદારશ્રી | ૧૫ દિવસ |
| કલેકટરશ્રી | ૧૫ દિવસ |
| કુલ..... | ૩૦ દિવસ |

- **અરજદારશ્રીએ અરજીમાં સંપુર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માંગ્યા મુજબના તમામ પુરાવાની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એકપણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહી.**

**નોંધ:– પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન) ના સ્થળફેરની મંજુરી આપવાની સત્તાઓ કલેકટરશ્રીની છે. એટલે સંબંધિત તાલુકા મામલતદારશ્રી દ્વારા સ્થળફેરની દરખાસ્ત સરકારશ્રીના તા.૦૨/૦૮/૦૪ ના ઠરાવના પેરા–૧૧ ની જોગવાઈઓ ધ્યાને રાખી કલેકટરશ્રીને મોકલી આપવાની રહેશે.**

**<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.</u>**

૧. ગ્રામ પંચાયત / નગરપાલિકાના "ના વાંધા પ્રમાણપત્ર". (પરિશિષ્ટ–૨/૭૦ મુજબ)
૨. નવા સ્થળની જગ્યા રહેઠાણની સોસાયટી પૈકીની હોય તો સોસાયટીના ચેરમેનશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર". (પરિશિષ્ટ–૩/૭૦ મુજબ)
૩. અસલ પરવાનો.
૪. નવા સ્થળની માલિકીનો પુરાવો. રજી. દસ્તાવેજ / આકારણી બીલ / એલોટમેન્ટ લેટર.
૫. નવા સ્થળનું મકાન ભાડે રાખેલ હોય તો તે કિસ્સામાં ભાડા પહોંચ અને મકાન ભાડે આપનારની માલિકીના પુરાવા.
૬. સ્થળની અધિકૃતતાને લગતા પુરાવા જેવા કે ગામ નમુના નં. ૬, ગામ નમુના નં. ૭/૧૨ની નકલ અને બીનખેતી હુકમની નકલ.
૭. પેટ્રોલીયમ પેદાશના પરવાના કિસ્સામાં
   ૧. સંબંધિત ઓઈલ કંપનીની મંજુરીનો પત્ર.
   ૨. નવા સ્થળના એક્ષ્પ્લોઝીવ લાયસન્સની નકલ.

કલેકટર કચેરી

| અરજદારશ્રીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |
|---|

## પરિશિષ્ટ :– ૧/૭૦
## સ્થળફેર માટેનું અરજી ફોર્મ

| બાર–કોડ સ્ટીકર માટેની જગ્યા |
|---|

| કોર્ટ ફી સ્ટેમ્પ રૂા. ૩–૦૦ |
|---|

નામ : ............................................
સરનામું: ..........................................
..........................................
તારીખ: ..........................................

પ્રતિ,
મામલતદારશ્રી,
.............................તાલુકો.

વિષય : ..................................તરીકેના પરવાના નંબર...........................માં સ્થળફેર કરી આપવા બાબત.

ઉપરોકત વિષય સંબંધમાં જયભારત સાથે જણાવવાનું કે, અમો................................. તરીકેના પરવાના નંબર ........................ ધારણ કરીએ છીએ. જે તા............................સુધી રીન્યુ થયેલ છે. અમારા પરવાનામાં ધંધાનું / ગોડાઉનનું સ્થળ...............................છે. અમો ધંધાનું / ગોડાઉનનું સ્થળફેર કરી............................................ખાતે લઈ જવા માંગીએ છીએ. સ્થળફેર માટેના જરુરી પુરાવા આ સાથે સામેલ છે. તો અમારા પરવાનામાં ધંધાનું / ગોડાઉનનું નવા સરનામે સ્થળફેર કરી આપવા વિનંતી છે.

......................................................
(અરજદારની સહી / નામ / અંગુઠાનું નિશાન)

**:–એકરાર:–**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો / હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ :

....................................................
(અરજદારની સહી / નામ / અંગુઠાનું નિશાન)

## પરિશિષ્ટ :– ૨/૭૦
## ગ્રામ પંચાયત / નગરપાલિકાના "ના વાંધા પ્રમાણપત્ર"

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,
શ્રી ..........................................................................................................
રહે. ..........................................................................................................
એ ........................................................ તરીકેના પરવાના નંબર ..................................
માં ..............................ખાતે સ્થળફેર કરી આપવા માંગણી કરેલ છે. જો તેઓની માંગણી મુજબ પરવાનામાં સ્થળફેર કરી આપવામાં આવશે તો, ..............................................પંચાયત / નગરપાલિકાને કોઈ વાંધો નથી.

સ્થળ :
તારીખ :

સક્ષમ અધિકારીશ્રીની સહી :– .....................................
નામ :– .....................................
હોદ્દો :– .....................................
કચેરીનો સિક્કો :– .....................................

## પરિશિષ્ટ :– ૩/૭૦
## સોસાયટીના ચેરમેનશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર"

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ................................................................. રહે. ........................................ એ ...................... તરીકે પરવાના નંબર ........................... માં અમારી સોસાયટીના ..............................ખાતે સ્થળફેર કરી આપવા માંગણી કરેલ છે. જો તેઓની માંગણી મુજબ પરવાનામાં સ્થળફેર કરી આપવામાં આવશે તો, અમારી સોસાયટીને કોઈ વાંધો નથી.

સ્થળ :
તારીખ :

સોસાયટીના ચેરમેન / સેક્રેટરીની સહી :–.........................
નામ :–.........................
હોદ્દો :–.........................
સોસાયટીનો સિક્કો :–.........................

**ચેકલીસ્ટ** (મુદ્દા નં. ૭૦)

**છુટક/જથ્થાબંધ/ઉત્પાદક અને પેટ્રોલીયમ અને પેદાશોના (જથ્થાબંધ કે છુટક)**

**પરવાનામાં સ્થળફેર માટે**

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ.નં. | વિગત | હા/ના/ લાગુ પડતું નથી. | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજીપત્ર (પરિશિષ્ટ–૧/૭૦) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે ? | | |
| ૩ | ગ્રામ પંચાયત/નગરપાલિકાના "ના વાંધા પ્રમાણપત્ર" (પરિશિષ્ટ–૨/૭૦) | | |
| ૪ | સોસાયટીના ચેરમેનશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર" (પરિશિષ્ટ–૩/૭૦) | | |
| ૫ | અસલ પરવાનો. | | |
| ૬ | નવા સ્થળની માલિકીનો પુરાવો. રજી. દસ્તાવેજ / આકારણી બીલ /એલોટમેન્ટ લેટર. | | |
| ૭ | નવા સ્થળનું મકાન ભાડે રાખેલ હોય તો તે કિસ્સામાં ભાડા પહોંચ અને મકાન ભાડે આપનારની માલિકીના પુરાવા | | |
| ૮ | સ્થળની અધિકૃતતાને લગતા પુરાવા જેવા કે ગામ ન. નં.૬, ગામ.ન. નં. ૭ / ૧૨ની નકલ અને બીનખેતી હુકમની નકલ | | |
| ૯ | પેટ્રોલીયમ પેદાશના પરવાનાના કિસ્સામાં<br>૧. સંબંધીત ઓઈલ કંપનીની મંજુરીનો પત્ર<br>૨. નવા સ્થળનાં એક્ષ્પ્લોઝીવ લાયસન્સની નકલ | | |
| ૧૦ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે? | | |

સ્થળ :

તારીખ :

..................................

અરજદારની સહી / નામ

**ખાસનોંધ: ચેકલીસ્ટ કોલમનં.૩ માં " હા / ના અથવા લાગુ પડતું નથી " તેમ સ્પષ્ટ દર્શાવવું. તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું આ પૈકીના એકપણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજીપત્રક સ્વીકાર્યુ

....................................

જનસેવા કેન્દ્ર ફરજ પરના

કર્મચારીની સહી / નામ / સિક્કો / તારીખ